# આજે વ્યાજદર ઘટાડાની જાહેરાત થશે

મુંબઈ,તા. ૧૬

જેની ઉત્સુકતાપૂર્વક શેરબજાર અને ઉદ્યોગજગતના લોકો રાહ જોઈ રહ્યા છે તે રીઝર્વ બેંક તેની નાણાંકીય નિતિની સમીક્ષા આવતીકાલે જાહેર કરનાર છે. આમાં રીઝર્વ બેંક બેંકો માટે વ્યાજ દરના મામલે મહત્વપૂર્ણ નિર્ણય કરી શકે છે. મોટા ભાગના બેંકરો અને નિષ્ણાંતો માને છે કે રીઝર્વ બેંક આવતીકાલે બેક ગિયર લગાવશે.વ્યાદરમાં ૦.૨૫ ટકા અને સીઆરઆરમાં ૦.૭૫ ટકાનો ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા છે. દેશમાં ફેક્ટરીઓમાં ઉત્પાદનમાં ધીમી ગતિ અને આર્થિક વિકાસ દરની ગતિ ધીમી પડતા આરબીઆઈ કેટલાક પગલા જાહેર કરી શકે છે. વિકાસમાં તેજી લાવવા શ્રેણીબદ્ધ પગલા જાહેર કરવામાં આવી શકે છે. વિકાસને વધારવા માટે રીઝર્વ બેંક આવતાકાલે વ્યાજ દરમાં ઘટાડો કરી શકે છે. ત્રણ વર્ષમાં પ્રથમ વખત વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે તેમ તમામ લોકો માની રહ્યા છે. જો કે વ્યાજ દરમાં ઘટાડો કરવામાં નહી આવે તો ચિત્ર વધારે ખરાબ થશે. મોટા ભાગના નિષ્ણાંતો માને છે કે વ્યાજદરમાં ઘટાડો થવાથી ચિત્ર સાનુકુળ બનશે નહી. અન્ય બેંકની રીઝર્વ જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે પણ પગલા લેવા પડસે. આ સપ્તાહમાં જ કરવામાં આવેલા પોલમાં ૨૦ નિષ્ણાંતો પૈકીના ૧૭એ પોલીસી રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટના ઘટાડાની આગાહી કરી છે. આની સાથે જ રેપો રેટ ૮.૨૫ ટકા થઈ જસે. કેટલાક નિષ્ણાંતો કેશ રીઝર્વ રેશિયોમાં પણ કાપની અપેક્ષા રાખી રહ્યા છે. નવી દિલ્હીમાં એચડીએફસી બેંકના મુખ્ય અર્થશાસ્ત્રીએ કહ્યું છે કે જો પોલીસી રેટમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહી તો ચિત્ર વધારે વણસી જશે. લોકોને વધારે નિરાશા હાથ લાગશે. બજેટના એક દિવસ પહેલા તેની મધ્ય ત્રિમાસિક સમીક્ષામાં બેંકે રેટને યથાવત રાખીને તમાને ચોંકાવી દીધા હતા. આ સપ્તાહમાં મોર્ગન સ્ટેન્લીએ તેની રેટ કાપની આગાહીને પાછી ખેંચી લઈને હવે કહ્યું છે કે આરબીઆઈ આવતીકાલે રેટમાં કોઈ ફેરફાર કરશે નહી. જંગી વર્તમાન ખાતાકીય ખાદ્યને આના માટે જવાબદાર ગણવામાં આવે છે. બેકિંગ સિસ્ટમ લિક્વિડિટી માં વર્તમાન અછતને દુર કરવા ફરી એકવાર સીઆરઆરમાં કાપ મુકવામાં આવી શકે છે. આનાથી ધીરાણના ખર્ચને ઘટાડવામાં મદદ મળશે. આરબીઆઈએ જાન્યુઆરી બાદથી સીઆરઆરમાં કુલ ૧૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો છે. સિસ્ટમમાં ૮૦૦ અબજ રૂપિયા ઠાલવવામાં આવ્યા છે. નિષ્ણાંતો માની રહ્યા છે કે વ્યાજદરમાં કાપ મુકીને બેંક માર્કેટમાં નાણાં લાવવાની યોજના ધરાવે છે. આનાથી વિકાસ વધશે. કેશ રીઝર્વ રેશિયોમાં કાપ મુકાશે તેવો દાવો પણ કેટલાક લોકો કરી રહ્યા છે. બેંકો પાસે રોકડની સ્થિતી સારી રહે તે માટે આ હિલચાલ છે. બેંકરો આશા ધરાવે છે કે વ્યાદરમાં ૦.૨૫ ટકા અને કેશ રિઝર્વ રેશિયોમાં ૦.૭૫ ટકાનો ઘટાડો કરવામાં આવી શકે છે. હાલમાં સ્થિતી એવી છે કે બેંકો સરેરાશ દરરોજ ૮૦ હજાર કરોડ રિઝર્વ બેંક પાસેથી લઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે રીઝર્વ બેંકે માર્ચ ૨૦૧૦થી ઓક્ટોબર ૨૦૧૧ વચ્ચેના ગાળામાં વ્યાજ દરમાં ૧૩ વખત વધારો કર્યો હતો. ફુગાવાને અંકુશમાં લેવા માટે વ્યાજ દરમાં વધારો કરવામાં આવ્યો હતો. રીઝર્વ બેંક ઈચ્છે છે કે સરકાર નાણાંકીય ખાદ્ય પર અંકુશ મુકવા નક્કર પગલા લે. શનિવારે સાંજે રીઝર્વ બેંકના ગવર્નર ડી. સુબ્બારાવે વડાપ્રધાન મનમોહનસિંહ અને નાણાં પ્રદાન પ્રણવ મુખરજી સાથે વિસ્તારપૂર્વક વાત કરી હતી.

## અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પરિસ્થિતી અતિ સંવેદનશીલ : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા.૧૬

કેન્દ્રીય ગૃહ પ્રધાન પી ચિદમ્બરમે આંતરિક સુરક્ષા અંગની મિટિંગમાં આજે કહ્યું હતું કે દેશના પશ્ચિમી વિસ્તારમાં અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રિય સરહદ પર પરિસ્થિતી અતિ સંવેદનશીલ છે. ચિદંબરમે કહ્યું હતું દર સપ્તાહમાં ઘુસણખોરીના પ્રયાસ થાય છે. તેમણે કહ્યું હતું કે નેપાળ અને બાંગ્લાદેશના નવા રસ્તા ખુલી ગયા છે. આંતકવાદી હુમલાના આરોપીઓના ધર્મના આધારે સમર્થન અંગે તેઓએ ચિંતા વ્યકત કરી હતી. તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૧માં બે મોટા આતંકવાદી હુમલા થયા હતા. મુંબઈમાં જુલાઈમાં અને દિલ્હીમાં હાઈકોર્ટની બહાર સપ્ટેમ્બરમાં બ્લાસ્ટ થયા હતા. આ હુમલાઓના સંબંધમાં અનેક શકમંદોની ધરપકડ કરાઈ છે. આમા ભારતીય નાગરિક પણ સામેલ છે. ચિદંબરમે કહ્યું હતું વર્ષ ૨૦૧૧ દરમ્યાન આતંકવાદના ૧૮ મોડ્યુલ તોડી પાડવામાં આવ્યા છે. ૫૩ લોકોની ધરપકડ કરાઈ છે. ૨૦૧૨નાં પ્રથમ ત્રણ મહિનામાં ત્રણ મોડ્યુલ તોડી પાડવામાં આવ્યા છે. અને ૧૧ લોકોની ધરપકડ કરાઈ છે. તેમણે ઉમેર્યું હતું કે આસામ માઓવાદી ગતિવિધી માટે નવા કેન્દ્ર તરીકે ઉભર્યું છે. એવા અહેવાલ પણ આવ્યા છે કે સીપીઆઈ-માઓવાદીના મણીપુર અને અરુણાચલના બળવા પોલીસ સંગઠનો સાથે સંબંધ રહેલા છે. બેઠકમાં મમતા બેનર્જીએ હાજરી આપી ન હતી.

## રેટમાં ઘટાડાની આશા વચ્ચે સેન્સેક્સમાં સુધારો નોંધાયો

મુંબઈ,તા. ૧૬

રીઝર્વ બેંકની આવતીકાલની નાણાંકીય નિતી સમીક્ષા પહેલા રેટમાં કાપની આશા વચ્ચે શેરબજારમાં તેજી રહી હતી. કારોબારના અંતે સેન્સેક્સમાં ૫૬ પોઈન્ટનો સુધારો થયો હતો. જેથી તેની સપાટી ૧૭૧૫૧ રહી હતી. બીજી બાજુ નિફ્ટી ૧૯ પોઈન્ટ સુધરીને ૫૨૨૬ની ઉંચી સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી બન્ને ઈન્ટ્રા ડે દરમિયાન ઉંચી સપાટીએ પહોંચ્યા હતા આ બન્ને ઈન્ટ્રા ડે દરમિયાન ક્રમશ ૧૭૧૬૬ અને ૫૨૩૧ની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. ભારતમાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ અપેક્ષા કરતા વધુ ઝડફથી વધીને ૬.૮૯ ટકા રહેતા તેની અસર શેરબજાર પર જોવા મળી હતી. વૈશ્વિક મોરચે જાપાનના નિક્કીમાં ૧.૭ ટકાનો ઘટાડો થયો હતો. ઘરઆંગણે આજે સ્થિતી સારી રહી હતી. બીએસઈ ટેકનોલોજી ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઈન્ફોસીસમાં એક ટકાનો ઘટાડો થયો હતો. ટેલિકોમની મહાકાય કંપની ભારતી એરટેલમાં ૨ ટકા સુધીનો મોટો ઘટાડો થયો હતો.

ઓઈલ એન્ડ ગેસના શેરમાં રીલાયન્સ અને ઓએનજીસીના શેરમાં આંશિક રીતે ઘટાડો થયો હતો. જે શેરમાં સુધારો થયો હતો તેમાં ઓટો, એફએમસીજી, કેપિટલ ગુડ્સ, રિયાલિટી અને બેંક ઈન્ડેક્સમાં એક ટકાથી વધારેનો સુધારો થયો હતો. રેટ સાથે સંકળાયેલા શેરમાં સુધારો થયો હતો. કારણ કે આવતીકાલે જાહેર થનાર નાણાંકીય નિતી સમીક્ષામાં વ્યાજ દરમાં કાપ મુકાય તેવી શક્યતા છે. એફએમસીજીના ક્ષેત્રમાં આઈટીસીમાં બે ટકાથી વધારેનો સુધારો થયો હતો. કેપિટલ ગુડસનાસેગ્મેટમાં ભેળ, એલએન્ડ ટીમાં બે બે ટકા સુધીનો સુધારો થયો હતો. અન્ય જે શેરમાં આજે મોટો સુધારો થયો હતો તેમાં એસબીઆઈ, મારૂતિ સુઝુકી, તાતા સ્ટીલ, આઈસીઆઈસીઆઈ બેંક, ડીએલએફ અને જિન્દાલ સ્ટીલનો સમાવેશ થાય છે. બ્રોડર માર્કેટની વાત કરવામાં આવે તો સ્થિતી સાનુકુળ રહી હતી. બીએસઈ મીડકેપ અને સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ક્રમશ ૦.૬ અને ૦.૮ ટકા સુધીનો સુધારો થયો હતો. બીએસઈમાં એકદંરે સ્થિતી સારી રહી હતી. ૧૫૪૫ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૨૨૧ શેરમાં મંદી રહી હતી.

### બિહાર કોઈ સામાન્ય જમીન નથી

## નીતીશના મરાઠી પ્રેમના લીધે લાલુ લાલઘુમ : આકરી ટિકા

પટણા,તા. ૧૬

રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની શરતો સામે ઝુંકી જવાનો બિહારના મુખ્યપ્રધાન નીતીશ કુમાર પર સીધો આક્ષેપ કરતા આરજેડીના નેતા લાલુ યાદવે કહ્યું હતું કે મુંબઈમાં મુખ્યપ્રધાને બિહારના ગૌરવને નુકસાન પહોંચાડ્યું છે. લાલુ પ્રસાદ યાદવે પૂર્વ મુખ્યપ્રદાન રાબડી દેવીના નિવાસસ્થાન પર પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે મુંબઈમાં આયોજિત બિહાર દિવસ કાર્યક્રમમાં નીતીશે એમએનએસની તમામ શરતોને માની લઈને શરણાગતિ સ્વીકારી લીધી છે. નીતીશ કુમારે રાજ્યના લોકોને અપમાનિત કર્યા હોવાનો દાવો કરી કહ્યું હતું કે બિહાર કોઈ સામાન્ય જમીન નથી. બિહાર સંતોની જમીન છે. જેથી નીતીશે કોઈની સામે ઝુંકવાની કોઈ જરૂર નથી. આરજેડીના નેતાએ નીતીશ કુમારના મરાઠી પ્રેમની ટિકા કરી હતી અને આકરા પ્રહારો કર્યા હતા. લાલુએ કહ્યું હતું કે નીતીશ કુમારે જય બિહારના નારા લગાવ્યા ન હતા પરંતુ જય મહારાષ્ટ્ર કહ્યું હતુ. આનાથી મહારાષ્ટ્રના લોકોને જાણ થઈ ગઈ છે કે નીતીશ કુમાર ડરપોક છે. તેઓએ બિહારનું અપમાન કર્યું છે. નીતીશ કુમારે કહ્યું હતુ કે મહારાષ્ટ્રના લોકો બિહારમાં આવીને મહારાષ્ટ્ર દિવસ મનાવે તેમ અમે ઈચ્છીએ છીએ. લાલુએ જેડીયુના નેતા દેવેશ ચન્દ્ર ઠાકુરની પણ આકરી ટિકા કરી હતી. લાલુએ કહ્યું હતુ કે બિહારની ગરીબી, કાયદો અને વ્યવસ્થા અને શિક્ષણની સમસ્યાને ધ્યાનમાં લીધા વગર નીતીશ કુમાર બિહાર દિવસ મનાવી રહ્યા છે.

## સ્થાનિક વિમાની ભાડામાં હાલ ૨૫થી ૪૦ ટકાનો વધારો થયો

નવી દિલ્હી,તા.૧૬

ઓછી ક્ષમતા અને ઉંચા ટેક્સના કારણે સ્થાનિક વિમાની ભાડામાં ઉલ્લેખનિય વધારો થઈ ગયો છે. જેના કારણે વિમાની યાત્રા હવે શરળ રહી નથી. લો કોસ્ટની યાત્રા પણ હવે મોંઘી બની ગઈ છે. સ્થાનિક વિમાની ભાડામાં છેલ્લા એક મહિનાના ગાળામાં ૨૫થી ૪૦ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થઈ ગયો છે. આના માટે ઘણા પરિબળો જવાબદાર દેખાઈ રહ્યા છે. એક બાજુ કિંગફિશરે તેની ફ્લાઈટોની સંખ્યામાં ઉલ્લેખનિય ઘટાડો કરી દીધો છે. બીજી બાજુ અન્ય એરલાઈન્સો પણ ઘણી સાવચેતીપૂર્વક આગળ વધવા તૈયારી કરી ચુકી છે. ઉંચા ટેક્સના કારણે પણ પરેશાની થઈ રહી છે. ઘટાડવામાં આવેલા પુરવઠાને લઈને પણ અન્ય એરલાઈન્સો પરેશાન છે. આ મહિનાથી સ્થાનિક ટિકિટ ઉપર સર્વિસ ટેક્સ તરીકે લેવાતા રૂપિયા ૧૫૦ની અપર લિમિટને દૂર કરવાને લઈને નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. આ તમામ કારણોસર જુન સુધી વિમાની યાત્રા માટે સ્થાનિક વિમાની ટિકિટો ખરીદવાની બાબત ખૂબ જ ખર્ચાળ સાબિત થશે. વેકેશનના ગાળામાં વિમાની યાત્રાની યોજના બનાવેલી રહેલા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. કારણ કે યાત્રી ભાડામાં ઉલ્લેખનીય વધારો થઈ ચુક્યો છે. દાખલા તરીકે દિલ્હી-મુંબઈ રિટર્ન ટિકિટનું ભાડુ અગાઉ ૧૨થી ૧૩ હજારના બદલે હવે વધીને ૧૬ હજાર સુધી પહોંચી ગયું છે. આવી જ રીતે દિલ્હી-કોલકત્તા ફ્લાઈટમાં સરેરાશ ખર્ચ અગાઉ ૪૫૦૦ રૂપિયા હતો. જે હવે ૭૭૦૦ રૂપિયાની આસપાસ છે. ટૂંકમાં ટિકિટ ભાડામાં ઉલ્લેખનીય વધારો થઈ ગયો છે. વિમાની ભાડામાં ઉલ્લેખનિય વધારો થયા બાદ સ્થિતિ વણસી ગઈ છે.

## તાલિબાની હુમલાને અંજામ આપનાર તમામ આતંકવાદીઓ મોતને ઘાટ

કાબુલ,તા. ૧૬

અફઘાનિસ્તાનમાં હજુ સુધીના સૌથી મોટા તાલિબાની હુમલાને અંજામ આપનાર તમામ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. આની સાથે જ છેલ્લા ૧૮ કલાકથી ચાલી રહેલી કટોકટીનો અંત આવી ગયો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ આશરે ૧૮ કલાક સુધી અથડામણો ચાલી હતી. ગૃહમંત્રીના પ્રવક્તા સાદિક સિદ્દિકીએ માહિતી આપતા કહ્યું છે કે દૂતાવાસ ક્ષેત્ર અને સંસદના આસપાસના વિસ્તારમાં અથડામણ ખતમ થઈ ગઈ છે. તમામ હુમલાખોરોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. અતિ આધુનિક હથિયારોતી સજ્જ આતંકવાદીઓ ગઈકાલે સાંજે હુમલાઓ શરૂ કર્યા હતા. તાલિબાની ત્રાસવાદીઓએ હજુ સુધીના સૌથી મોટા હુમલાને અંજામ આપી સમગ્ર અફઘાનિસ્તાનને હચમચાવી મુક્યુ હતું. પાટનગર કાબૂલ અને અન્ય ત્રણ શહેરો પર ડઝન જેટલા હુમલા કરવામાં આવ્યા હતા. તાલિબાને આની જવાબદારી સ્વીકારી લીધી છે. ભારતીય દુતાવાસ મુજબ હુમલામાં તમામ ભારતીય સુરક્ષિત છે. અધિકારીઓ મુજબ ભારતીય દૂતાવાસ હુમલાની જગ્યાથી થોડાક અંતરે સ્થિત છે. કેટલા આતંકવાદીઓ માર્યા ગયા છે તે સંબંધમાં હજુ માહિતી મળી શકી નથી. સિદ્દિકીએ કહ્યું હતું કે ૨૩થી વધુ લોકો ઘાયલ થયા છે. સુરક્ષાદળો સાથેની અથડામણમાં ૧૯ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. બેને પકડી લેવામાં આવ્યા છે. તાલિબાને કહ્યું છે કે ગઈકાલે બપોરે ૧ વાગે તેમના લોકોએ આત્મઘાતી હુમલા કર્યા હતા. આઈએસએએફના હેડક્વાટર, સંસદ ભવન, અન્ય રાજકીય ઓફિસો, દૂતાવાસો અને સંસદ ભવનની આસપાસ હુમલા કરવામાં આવ્યા હતા. જલાલાબાદમાં વિમાની મથક અને અન્ય જગ્યાઓએ હુમલા કરાયા હતા. જલાલાબાદ વિમાની મથકના પ્રવેશદ્વાર પર બે આત્મઘાતી હુમલાખોરે પોતાને ફુંકી માર્યા હતા. આમા અનેક લોકો ઘાયલ થયા હતા. ચાર આત્મઘાતી હુમલાખોરોએ વિમાની મથકમાં ઘુસવાના પ્રયાસ કર્યા હતા. સુરક્ષાદળોએ રોકતા બે આત્મઘાતી હુમલાખોરોએ પોતાને ફુંકી માર્યા હતા. આ બનાવમાં કેટલાક લોકો ઘાયલ થયા હતા. જલાલાબાદમાં તાલિબાની ત્રાસવાદીઓએ આઈએસએએફની હાલમાં જ બનેલી ટુકડી ઉપર પણ હુમલો કર્યો હતો. લોગાર પ્રાંતમાં તાલિબાની ત્રાસવાદીઓએ પોલીસ હેડક્વાટર, પીઆરટી સંકુલ અને ગુપ્તચર વિભાગની ઓફિસ પર હુમલા કર્યા હતા.પકતિયા પ્રાંતમાં પણ ત્રાસવાદીઓએ પોલીસના ક્ષેત્રિય સંકુલ, વિમાની મથક, ગુપ્તચર વિભાગની ઓફિસ પર હુમલા કર્યા હતા.

## ચીનની ઘુસણખોરીના કુલ ૩૭ બનાવો બન્યા

નવી દિલ્હી,તા. ૧૬

ઉત્તરાખંડના મુખ્યપ્રધાન વિજય બહુગુણાએ આજે કહ્યું હતું કે ઉત્તરાખંડમાં છેલ્લા પાંચ વર્ષમાં ચીની ઘુસણખોરીના ઓછામાં ઓછા ૩૭ બનાવો બન્યા છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આંતરિક સુરક્ષા અંગેની મુખ્યપ્રધાનોની બેઠકમાં નવા નિમાયેલા મુખ્યપ્રધાને કહ્યું હતું કે ચીની ઘુસણખોરીના પ્રયાસો સતત થયા છે. ચમોલી જિલ્લામાં બારાહોટીના સંબંધમાં ભારતીય દાવાને લઈને ચીનને વાંધો છે. આ વિસ્તારમાં ચીની પેટ્રોલ પાર્ટીના ઘુસણખોરીના અનેક પ્રયાસો થયા છે. વર્ષ ૨૦૦૬માં ઘુસણખોરીના છ પ્રયાસો થયા છે. જ્યારે વર્ષ ૨૦૦૮માં ઘુસણખોરીના દસ બનાવો બન્યા હતા. વર્ષ ૨૦૦૯માં ૧૧ અને વર્ષ ૨૦૧૦માં પાંચ બનાવો બન્યા હતા. વર્ષ ૨૦૧૧માં ૬ણ પ્રયાસો કરવામાં આવી ચુક્યા છે. સરહદી વિસ્તારોમાં રોડ નેટવર્કને મજબુત બનાવવાની જરૂરીયાત પર તેમણે ભાર મુક્યો હતો.




## આંતરિક સુરક્ષાની સ્થિતી એકંદરે સંતુષ્ટજનક છે : મનમોહનસિંહ

નવી દિલ્હી,તા.૧૬

આંતરિક સુરક્ષા અંગેની મુખ્યમંત્રીઓની મિટીંગમાં વડાપ્રધાન મનમોહનસિંહે આજે દાવો કર્યો હતો કે એકંદરે દેશના આંતરિક સુરક્ષાની સ્થિતી ફેબ્રુઆરી-૨૦૧૧ની સરખામણીમાં ખૂબજ સંતુષ્ટ જનક છે. આતંકવાદ, માઓવાદના કારણે હજુ પણ ખતરો છે. આંતરિક સુરક્ષા અંગેની આ બેઠકમાં વડાપ્રધાને તમામ મુદ્દાઓ ઉપર વિસ્તાર પૂર્વક રજુઆત કરી હતી. સિંહે કહ્યું હતુ જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાના વાતાવરણમાં ચોક્કસ પણે સુધારો થયો છે. આતંકવાદ, ડાબેરી ઉગ્રવાદ, ધાર્મિક કટ્ટરતા અને જાતીય હિંસાને દેશની આંતરિક સુરક્ષા માટે પડકાર રૂપ જણાવીને સિંહ કહ્યું હતું કે, આ પડકારોને પહોંચી વળવા માટે કઠોર પગલા લેવાની જરૂર છે. સાથે સાથે પરિસ્થિતી પર ચાંપતી નજર રાખવાની જરૂર છે. સિંહે આંતરિક સુરક્ષા પર મુખ્યમંત્રીઓની પરિષદનું ઉદ્‌ઘાટન કરતાં કહ્યું હતું કે આંતરિક સુરક્ષા પરિસ્થિતી એકંદરે સંતોષજનક છે. પરંતુ હજુ પણ વધારે પગલા લેવાની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યાં સુધી માઓવાદીઓની હિંસામાં માર્યા ગયેલા લોકોની વાત છે ૨૦૧૧ની સ્થિતી ૨૦૧૦ની સરખામણીમાં ખુબ સારી રહી છે. પરંતુ હજુ પણ અને નક્કર પગલા લેવાની જરૂર છે. સિંહે કહ્યું હતું કે આંતરિક સુરક્ષાના અન્ય પાસાઓની જેમજ આતંકવાદના પડકારને પહોંચી વળવા માટે પણ સાથે મળીને પ્રયાસ કરવાની જરૂર છે.

અત્રે ઉલ્લેખનીય છે મમતા

## ભારત-નેપાળની ખુલ્લી સરહદ ખૂબ ચિંતાજનક

નવી દિલ્હી,તા.૧૬

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે મુખ્યમંત્રીઓની મિટિંગમાં કહ્યું હતું કે ભારત-પાકિસ્તાન અને બાંગ્લાદેશ-ભારત સરહદ પર ચાંપતી નજર રાખવાના કારણે રાષ્ટ્રવિરોધી તત્વો માટે ભારત-નેપાળ સરહદ પ્રવેશ માટે નવો રસ્તો બની ગયો છે. પોતાના પ્રથમ સંમેલનમાં ઉત્તરપ્રદેશના નવા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે પ્રદેશ સાથે સંકળાયેલી નેપાળની ૫૫૦ લાંબી સરહદ ઉપર ચાંપતી નજરની ખાસ વ્યવસ્થાની જરૂર છે. જેથી રાષ્ટ્રવિરોધી તત્વો આ સરહદથી દેશમાં ઘુસણખોરી ન કરી શકે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ પુરતી સંખ્યામાં સિંગલ ચેકપોસ્ટ અને વિશેષ પોલીસ વ્યવસ્થા કરવાની બાબત તરફ કેન્દ્ર સરકારનું ધ્યાન ખેંચવા માંગે છે.

## પંજાબમાં ફેક્ટરીની ઈમારત ધારાશાયી : કુલ ૨૦૦ દટાયાં

જલંધર,તા.૧૬

પંજાબના જલંધરના ફોકલ પોઈન્ટ એક્સટેન્સનમાં રવિવારે મોડી રાત્રે જોરદાર ધડાકો થયા બાદ શીતલ ફેબ્રીક્સ લિમિટેડ નામની ફેક્ટરીની ચાર માળની ઈમારત ધારાશાયી થઈ ગઈ હતી. ફેક્ટરી ઈમારત ધસી પડતાં ૨૦૦થી વધુ મજૂરો ફસાઈ ગયા હોવાના અહેવાલ મળ્યા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. આ બનાવમાં બે મજૂરના મોત થઈ ગયા છે. બનાવમાં ગંભીર રીતે ઘાયલ થયેલા ૪૫ મજૂરોને બહાર કાઢવામાં આવ્યા છે. સેના અને એનડીઆરએફના જવાન રાહત કામગીરીમાં વ્યસ્ત થઈ ગયા છે. બનાવના વખતે ફેક્ટરીમાં આશરે ૩૦૦ મજૂર હતા. મળેલી માહિતી મુજબ ફોકલ પોઈન્ટ એક્સટેન્શનમાં રવિવારે રાત્રે ૧૧.૩૦ વાગે શીતલ ફેબ્રીક્સ ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો હતો. આ ફેક્ટરીમાં ધાબળા બનાવવામાં આવે છે. બ્લાસ્ટ બોઈલર ફાટવાના કારણે થયો હતો. ઘટનાની માહિતી મળતાની સાથે જ ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતા અન્ય પોલીસ ટુકડી પણ ઘટના સ્થળે પહોંચી હતી. મોડી રાત્રે બનાવ બનતા બચાવ અને રાહત કામગીરીને અડચણો આવી હતી. ૪૫ મજૂરોને બહાર કાઢવામાં સફળતા મળી હતી. કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ફેક્ટરીના સિક્યુરિટી ગાર્ડ અને મજૂરોના જણાવ્યા મુજબ આ ઈમારત જ્યારે ધારાશાયી થઈ ત્યારે ૨૫૦થી ૩૦૦ લોકો હતા. ઘાયલોને એક મંદિર ટ્રસ્ટની હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

## ભંવરી કેસ : ઇન્દ્રા બિષ્ણોઇ આખરે ભાગેડુ જાહેર કરાઇ

જોધપુર,તા. ૧૬

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ભંવરી દેવી અપહરણ અને હત્યા કેસમાં મુખ્ય આરોપીઓ પૈકીની એક અને કાવતરાખોર ઈન્દ્રા બિષ્ણોઈને આજે સીબીઆઈ કોર્ટે ભાગેડુ જાહેર કરી હતી. ઈન્દ્રા છેલ્લા પાંચ મહિનાથી ફરાર હતી. સીબીઆઈ ટીમ દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં ઈન્દ્રાની કોઈ ભાળ મળી ન હતી. આ જ કારણસર ઈન્દ્રાને ભાગેડુ જાહેર કરવામાં આવી હતી. ઈન્દ્રા ક્યા છે તે અંગે માહિતી આપનારને પાંચ લાખનું ઈનામ આપવાની પણ સીબીઆઈએ જાહેરાત કરી હતી પરંતુ ઈન્દ્રાની કોઈ ભાળ મળી ન હતી. સીબીઆઈએ કોર્ટમાં એક અપીલ દાખલ કરીને તેને ભાગેડુ જાહેર કરવાની માંગ કરી હતી. ઈન્દ્રા સતત ધરપકડને ટાળવાના પ્રયાસો કરી રહી હતી. ઈન્દ્રાની સંપત્તિને પણ જપ્ત કરવામાં આવી હતી. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર (સીબીઆઈ) એસએસ યાદવે કહ્યું હતું કે ઈન્દ્રા ફરાર હોવા છતાં તમામ ઘટનાક્રમથી સંપૂર્ણરીતે વાકેફ હતી. તે તપાસમાં કોઈ સહકાર કરી રહી ન હતી. તેમણે કહ્યું હતું કે આઈપીસીની કલમ ૧૭૪ એ અને સીઆરપીસીની કલમ ૮૨ હેટળ ઈન્દ્રાને સાત વર્ષની મહત્તમ સજા થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સીબીઆઈ આવા જ આધાર પર ઈન્દ્રાની સામે પોલીસ સમક્ષ એક એફઆઈઆર દાખલ કરી ચુકી છે. હાઈકોર્ટમાં તેમની સામે એક તિરસ્કાર અરજી કરવામાં આવી ચુકી છે. જેની સુનાવણી હજુ સુધી હાથ ધરવામાં આવી નથી.

**નોટીસ**

સાંચા કામ સબબે તારીખ ૧૮-૪-૧૨, બુધવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૬

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

**જગ્યા ભાડે આપવાની છે**

હોસ્ટેલ / હોટલ લાયક ૫૦,૦૦૦ ચો. ફૂટનું બાંધકામ. કોબા - ગાંધીનગર હાઈવે ઉપર જરૂરીયાત મુજબ ફેરાફર / ફર્નીશીંગ શક્ય

સંપર્ક : ૯૦૯૯૮ ૨૯૭૦૪
સંપર્ક : ૯૮૭૯૩ ૯૮૮૩૧

TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ